# અગ્રણી સંગઠનોની ગેરહાજરી : પાટીદારોને એક મંચ પર લાવીને રણનીતિ ઘડવામાં નિષ્ફળતા

## વર્લ્ડ પાટીદાર ફેડરેશન દ્વારા પાટીદાર સમુદાયની બેઠક : પાટીદાર સંસ્થાઓની બેઠકમાં ત્રણ મુખ્ય સંસ્થા ગેરહાજર રહી હતી, માત્ર બે સંસ્થા ઉમિયાધામ ઊંઝા અને સિદસર જ હાજર રહી હતી

અમદાવાદ , તા.૮

ગુજરાતમાં સૌથી વગદાર અને સૌથી વ્યાપક રીતે ફેલાયેલી પાટીદાર સમુદાયની એક બેઠક અમદાવાદ ખાતે આજે સવારે વર્લ્ડ પાટીદાર ફેડરેશન દ્વારા બોલાવવામાં આવી હતી. ગુજરાત રાજ્યમાં જ્યારે ચુંટણી અભિયાન ચાલી રહ્યું છે ત્યારે બોલાવેલી આ બેઠકમાં પાટીદાર સમુદાયના વિવિધ ફાંટાને એક જ મંચ ઉપર લાવી કોઈ રણનીતિ બનાવવાનો પ્રયાસ જોકે નિષ્ફળ ગયો છે. સમુદાયમાંથી જ અગ્રણી સંગઠનો આ બેઠકમાં એક યા બીજુ બહાનુ ધરી હાજર રહ્યા હતા નહિ.




પાટીદાર સંસ્થાઓની બેઠકમાં ત્રણ મુખ્ય સંસ્થા ગેરહાજર રહી હતી. માત્ર બે સંસ્થા ઉમિયાધામ ઊંઝા અને સિદસર જ હાજર રહી હતી. વિશ્વ ઉમિયાધામ પ્રમુખ આર પી પટેલે જણાવ્યું કે, અમે બહાર હોવાથી હાજર રહી શકીએ એમ નથી. ખોડલધામ ટ્રસ્ટી દિનેશ કુંભાણીએ જણાવ્યું કે, અમને પૂછ્યા વગર મીટિંગનું આયોજન કરવામાં આવ્યું તેથી અમે હાજર રહી શકીએ નહીં. ખોડલધામ ટ્રસ્ટી રમેશ ટિલાળાએ જણાવ્યું કે, નરેશ પટેલ બહાર હોવાથી મીટિંગમાં હાજર નહીં રહે. આ બઠક અંગે ચર્ચા છે કે, સી કે પટેલે અંગત રાજકીય લાભ માટે મીટિંગ બોલાવી છે અને સી કે પટેલે મુખ્ય પાટીદાર સંસ્થાના અગ્રણીઓ સાથે ચર્ચા વગર મીટિંગ બોલાવી છે. આ બેઠકમાં પાટીદારોની મુખ્ય સંસ્થાના પ્રમુખ અને મંત્રી પણ ગેરહાજર રહ્યા હતા.

ખોડલધામ, વિશ્વઉમિયા ધામ, સરદાર ધામ આ બેઠકથી દૂર રહી હતી. સમસ્ત પાટીદાર સમાજના આગ્રણીઓ પણ આ બેઠકમાં નહોતા આવ્યા. ખુદ ઉમિયાધામ ઊંઝાના પ્રમુખ બાબુ જમના પણ ગેરહાજર રહ્યા હતા. પોલિટિકલ ચર્ચાઓના ડરથી બેઠકના વિષયમાં પણ યુ ટર્ન. રાજકીય ચર્ચાઓના બદલે ઈડબલ્યુએસ અંગે આભાર પ્રસ્તાવ રજૂ કરવામાં આવશે.

# વણઝારા સમાજ ભાજપ સાથે છે અને રહેશે તેવો દાવો

## ડી.જી.વણઝારાની નવા રાજકીય પક્ષની જાહેરાત સામે વણઝારા સમાજ વિકાસ સેવા સંઘની સ્પષ્ટતા

ગાંધીનગર, તા. ૦૮

ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓની જાહેરાત થતાં જ વિવિધ સમાજ તથા જ્ઞાતિવાદી સમીકરણો કાર્યરત થઈ ગયા છે. તાજેતરમાં એક સમયે નરેન્દ્ર મોદીના વિશ્વાસુ ગણાતા રાજ્યના નિવૃત્ત અધિકારી ડી. જી. વણઝારા દ્વારા નવા રાજકીય પક્ષની જાહેરાત કરવામાં આવી હતી. જોકે આ જાહેરાતની સામે વણઝારા સમાજ વિકાસ સેવા સંઘ ટ્રસ્ટ દ્વારા આજે સ્પષ્ટતા કરવામાં આવી હતી કે નરેન્દ્ર મોદી ગુજરાતના મુખ્યમંત્રી બન્યા ત્યારથી સમગ્ર વણઝારા સમાજ તેમની પડખે રહ્યો છે અને સદાય રહેશે માટે વણઝારા સમાજ ભાજપની સાથે જ છે અને ગાંધીનગર દક્ષિણ વિધાનસભા બેઠક માટે ટિકિટ આપવા ગોવિંદજી કનુજી વણઝારાને સમર્થન કરે છે. આજે સાંજે સેક્ટર-૧૧માં અખબાર ભવન ખાતે એકત્રિત થયેલા વણઝારા સમાજ વિકાસ સેવા સંઘ ટ્રસ્ટના અગ્રણીઓ નારાયણ ખેમાજી વણઝારા અને હરેશભાઈ ધનાજી વણઝારાએ પત્રકારોને જણાવ્યું હતું કે "સમસ્ત વણઝારા સમાજ સદાયને માટે ભારતીય જનતા પાર્ટીની વિચારધારા સાથે જોડાયેલો છે અને આવનારા સમયમાં પણ ભારતીય જનતા પાર્ટીની સાથે જ રહેશે. હાલમાં સમાજના પ્રમુખ ગોવિંદજી કે. વણઝારાએ ગાંધીનગર દક્ષિણ વિધાનસભા બેઠક માટે પોતાની ઉમેદવારી નોંધાવી છે અને તેમને આ મોકો મળે તેવી સમસ્ત ગુજરાત વણઝારા સમાજની લાગણી અને આશા છે તેમ છતાં પક્ષ જે નિર્ણય કરે તે વણઝારા સમાજ લઈ શિરોમાન્ય રહેશે." આ સાથે તેમણે આશા વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી તથા કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઈ શાહ તેમના સમાજ માટે યોગ્ય નિર્ણય લેશે અને તેઓ જે નિર્ણય લેશે તે સમાજને માન્ય રહેશે.



# વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનની અડફેટે અમદાવાદની ૫૪ વર્ષીય મહિલાનું મૃત્ય

## મહિલા અમદાવાદના રહેવાસી આણંદમાં સંબંધીને મળવા ગયા હતા

આણંદ, તા.૮

ગુજરાતના આણંદ રેલ્વે સ્ટેશન નજીક મંગળવારે મુંબઈ જતી સેમી હાઈ-સ્પીડ વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનની અડફેટે આવી જતાં ૫૪ વર્ષીય મહિલાનું મૃત્યુ થયું છે. આ ઘટનાની રેલવે પોલીસ દ્વારા પુષ્ટિ કરવામાં આવી છે. મૃતકની ઓળખ બીટ્રિસ આર્ચીબાલ્ડ પીટર તરીકે થઈ હતી. મહિલા રેલવે ટ્રેક ક્રોસ કરી રહ્યા હતા તે દરમિયાન અડફેટે આવી જતાં મોતને ભેટ્યા છે. આ ઘટના સાંજે ૪.૩૭ વાગ્યે બની હોવાનું અધિકારીઓ પાસેથી જાણવા મળ્યું છે. મહિલા અમદાવાદના રહેવાસી અને દેખીતી રીતે આણંદમાં કોઈ સંબંધીને મળવા ગયા હોવાનું અધિકારીએ જણાવ્યું છે. ટ્રેન ગાંધીનગર કેપિટલ સ્ટેશનથી મુંબઈ સેન્ટ્રલ જઈ રહી હતી, અધિકારીઓ પાસેથી એ પણ જાણવા મળ્યું છે કે આ ટ્રેન આણંદ ખાતે રોકાતી નથી. હાલ વધુ તપાસ ચાલી રહી હોવાનું અધિકારીઓ જણાવ્યું હોવાથી વધુ વિગતોની રાહ જોવાઈ રહી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૩૦ સપ્ટેમ્બરે ટ્રેનને લીલી ઝંડી બતાવી હતી. છેલ્લા એક મહિનામાં ટ્રેનની અડફેટે આવીને ટ્રેક પર ઢોર મરવાના ઓછામાં ઓછા ત્રણ બનાવો બન્યા છે. જો કે, હવે એક મહિલાનું મોત થતાં રેલવેની મુસાફરી કરતા લોકોમાં પણ ક્યાંકને ક્યાંક ડરનો માહોલ હશે.

# અમદાવાદથી સુરત ટ્રેનમાં જતા ઓવૈસી ઉપર હુમલો

અમદાવાદ, તા.૮

હાલ રાજ્યમાં ચૂંટણીનો માહોલ છવાયો છે. તમામ રાજકારણ પક્ષનાં દિગ્ગજ નેતાઓ ગુજરાતની મુલાકાતે આવી રહ્યા છે. ત્યારે AIMIMનાં અસદુદ્દીન ઓવૈસી પણ વિધાનસભા ચૂંટણી માટે ગુજરાતના પ્રવાસે છે. આ દરમિયાન ઓવૈસી અને તેમના સાથીદારો અમદાવાદથી સુરત જે ટ્રેનમાં જઈ રહ્યા હતા તે ટ્રેન પર પથ્થરમારો કરવામાં આવ્યો છે. આ દાવો નેતા વારિસ પઠાણે સોશિયલ મીડિયામાં તસવીરો શેર કરીને કર્યો છે. નોંધનીય છે કે, સુરત આવવાનાં ૨૦થી ૨૫ કિલોમીટર પહેલા જ આ પથ્થર ફેંકાયો હતો. AIMIMના પ્રવક્તા વારિસ પઠાણે આ અંગેની જાણ કરતા જણાવ્યુ કે, આજે સાંજે જ્યારે અમે અસદુદ્દીન ઓવૈસી અને AIMIMની ટીમ અમદાવાદથી સુરત માટે વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનમાં જઈ રહ્યા હતા. આ દરમિયાન કેટલાક અજાણ્યા લોકોએ જોરથી પથ્થર મારીને ટ્રેનની બારીનો કાંચ તોડી નાંખ્યો હતો. તેમણે ટ્વિટ કરીને આ અંગે માહિતી સાથે તસવીરો પણ શેર કરી છે.

# સુરત ભાજપના ઉપપ્રમુખ પીવીએસ શર્માનું પ્રાથમિક સભ્યપદેથી રાજીનામું

## એક સમયે પ્રદેશ પ્રમુખ પાટીલના અંગત મિત્ર ગણાતા હતા ૨૦૧૭ની ચૂંટણીમાં લિંબાયતની ટિકિટ જાહેર કર્યા બાદ બંને પ્રતિસ્પર્ધી બન્યા હતા

સુરત, તા.૮

ગુજરાત વિધાનસભાની ચૂંટણી માટે ભાજપના ઉમેદવાર જાહેર થાય તે પહેલા સુરતને એક ફટકો પડ્યો છે. ગઈ ટર્મના ભાજપના ઉપપ્રમુખ એવા પીવીએસ શર્માએ ભાજપના પ્રાથમિક સભ્યપદથી રાજીનામું આપ્યું છે. શર્મા એક સમયે પ્રદેશ પ્રમુખ સી આર પાટીલના અંગત મિત્ર ગણાતા હતા પરંતુ ૨૦૧૭ ની ચૂંટણીમાં લિંબાયત ની ટિકિટ જાહેર કર્યા બાદ બંને પ્રતિસ્પર્ધી થઈ ગયા હતા. મૂળ દક્ષિણ ભારતના એવા શર્માના રાજીનામાથી હાલ ભાજપમાં સન્નાટો થયો છે. ગુજરાતના સિનિયર મંત્રી એવા જય નારાયણ વ્યાસના રાજીનામા બાદ આજે ભાજપના પૂર્વ ઉપપ્રમુખ અને નિવૃત્ત ઈન્કમટેક્સ અધિકારી દૃજ શર્માએ રાજીનામું કરી દીધું છે. આ રાજીનામાં પહેલા એક ગ્રુપમાં ત્રણ દિવસ પહેલા ક્યાં સુધી અન્યાય સહન કરીશું તેવી કોમેન્ટ કરી હતી. ત્યારબાદ આજે અચાનક રાજીનામું આવતા ભાજપના કાર્યકરો સ્તબ્ધ થઈ ગયા છે.

ઈન્કમટેક્સ અધિકારી માંથી રાજકારણી બનેલા શર્મા પ્રદેશ પ્રમુખ સી આર પાટીલના અંતિમ વિશ્વાસુ અને નજીકના મિત્રોમાંના એક હતા. ૨૦૧૭માં લિંબાયતમાં સંગીતા પાટીલ નામ જાહેરાત થવા સાથે આ મિત્રો દુશ્મન બની ગયા હોવાનું કહેવાય રહ્યું છે.

# પ્રાકૃતિક કૃષિ ક્ષેત્રના સંશોધનો વિશ્વને વિકાસનો નવો માર્ગ બતાવશે - રાજ્યપાલ આચાર્ય દેવવ્રત

## ગુજરાત યુનિવર્સિટી દ્વારા દેશભરની ચાર યુનિવર્સિટી અને વિવિધ સંસ્થાઓ સાથે સાત સમજૂતી કરાર કરાયા



ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે રાજભવન ખાતે ગુજરાત યુનિવર્સિટી દ્વારા યોજાયેલા કાર્યક્રમમાં પ્રાકૃતિક કૃષિ ક્ષેત્રે પીએચ.ડી.ના અભ્યાસ ક્રમમાં પ્રવેશ મેળવતા છ વિદ્યાર્થીઓને પ્રવેશપત્ર એનાયત કરતા જણાવ્યું હતું કે, પ્રાકૃતિક કૃષિ ક્ષેત્રે થનારા સંશોધનો સમગ્ર વિશ્વને કૃષિ વિકાસનો નવો માર્ગ બતાવશે. રાજ્યપાલ એ પ્રાકૃતિક કૃષિના પીએચ.ડી. અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવતા વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી હતી. રાજભવન ખાતે ગુજરાત યુનિવર્સિટી દ્વારા યોજાયેલા Natural farming – A Step Towards Climate Resilience and Sustainability કાર્યક્રમમાં રાજ્યપાલએ ગુજરાતના બે વિદ્યાર્થી ઉપરાંત યુથોપિયાના બે, સુદાનના અને મ્યાનમારના એક-એક વિદ્યાર્થીને પ્રાકૃતિક કૃષિના પીએચ.ડી.ના અભ્યાસક્રમમાં પ્રવેશ માટેના પ્રવેશપત્રો આપ્યા હતા. આ પ્રસંગે રાજ્યપાલએ પ્રાકૃતિક કૃષિના પીએચ.ડી.ના અભ્યાસક્રમમાં ગુજરાત ઉપરાંત વિદેશી વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાના અવસરને ઐતિહાસિક અવસર ગણાવ્યો હતો. રાજ્યપાલએ ઓર્ગેનિક કૃષિ અને પ્રાકૃતિક કૃષિને સાવ અલગ ગણાવી જણાવ્યું હતું કે, ઓર્ગેનિક કૃષિમાં શરૂઆતના વર્ષોમાં ઉત્પાદન ઘટે છે, કૃષિ ખર્ચ ઘટતો નથી. ખેડૂતોની મહેનત પણ ઘટતી નથી. જ્યારે પ્રાકૃતિક કૃષિમાં એક દેશી ગાયની મદદથી ૩૦ એકર જમીનમાં પ્રાકૃતિક કૃષિ થઈ શકે છે. પૂરી વિધિથી પ્રાકૃતિક કૃષિ કરવામાં આવે તો ઉત્પાદન ઘટતું નથી. આ પ્રસંગે ઉપસ્થિત રહેલા નીતિ આયોગના વરિષ્ઠ સલાહકાર ડૉ. નીલમ પટેલે જણાવ્યું હતું કે, દેશભરમાં પ્રાકૃતિક કૃષિનું જન અભિયાન પૂરજોશમાં ચાલી રહ્યું છે. છેલ્લા બે વર્ષમાં દેશભરના ખેડૂતો દ્વારા ૧૧ લાખ હેક્ટર ભૂમિમાં પ્રાકૃતિક કૃષિ પદ્ધતિથી ખેતી થઈ રહી છે. ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ ડો. હિમાંશુ પંડ્યાએ પ્રાકૃતિક કૃષિને જનમાનસ સુધી પહોંચાડવા શિક્ષણ અને પ્રચાર પ્રસારના નેટવર્કિંગને મહત્વરૂપ ગણાવ્યા હતા. તેમણે ગુજરાત યુનિવર્સિટી દ્વારા પ્રાકૃતિક કૃષિ ક્ષેત્રે થઈ રહેલા પ્રયાસોની માહિતી આપી હતી

# છાપરી ચેકપોસ્ટ પર એસટીમાંથી ૧.૩૮ લાખના ગાંજા સાથે એકની ધરપકડ

ગુજરાત વિધાનસભાની ચૂંટણીની જાહેરાતની સાથે આદર્શ ચૂંટણી આચારસંહિતાનું પાલન કરવા માટે સરહદી વિસ્તારોમાં સુરક્ષા સઘન બનાવાઈ છે. આવન જાવન કરતાં વાહનોનું ઘનિષ્ઠ વાહન ચેકિંગ થઈ રહ્યું છે. ત્યારે મંગળવારે અંબાજી- આબુરોડ માર્ગ પરની સરહદ છાપરી ચેકપોસ્ટ પર સુરક્ષા કર્મીઓ દ્વારા અંબાજી તરફ પ્રવેશતા વાહનોનું ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. જે દરમિયાન રાજસ્થાન તરફથી આવતી ગુજરાત એસટી નિગમની એસ.ટી. બસમાં તપાસ કરતા મુસાફરી કરી રહેલા એક વ્યક્તિની શંકાસ્પદ બેગની તપાસ કરતા તેમાંથી ૧૩ કિલો ૮૦૯ ગ્રામ (કિં.અંદાજે રૂ. ૧.૩૮ લાખ) નો ગાંજો ઝડપાઈ જવા પામ્યો હતો.



પોલીસે ગાંજો લઈ બસમાં આવી રહેલ ઈમરાન ખાન પઠાણ (રહે. વટવા અમદાવાદ) ની ધરપકડ કરી તેના વિરુદ્ધ ગુનો નોંધી આગળની વધુ તપાસ હાથ ધરી છે.

# મોરબી બ્રિજ હોનારતથી ગુજરાતનું નામ ખરડાયુ : પી.ચિદમ્બરમ

અમદાવાદ, તા.૮

અમદાવાદમાં આજે કોંગ્રેસના નેતા પી. ચિદમ્બરમે પત્રકાર પરિષદ સંબોધી. મોરબી પુલ હોનારત મુદ્દે કોંગ્રેસના વરિષ્ઠ નેતા પી. ચિદમ્બરમે ભાજપ પર નિશાન સાધ્યુ છે. તેમણે કહ્યુ, મોરબી બ્રિજ પડવાની ઘટનાએ ગુજરાતના નામને શર્મસાર કર્યુ છે. સૌથી વધારે ચોંકાવનારી વાત એ છે કે પુલ દુર્ઘટના માટે સરકાર તરફથી અત્યાર સુધી કોઈએ માફી પણ માગી નથી અને કોઈએ આની જવાબદારી સ્વીકારીને રાજીનામુ આપી દીધુ નથી. પી. ચિદમ્બરમે કહ્યુ મારી રવિવારે કોલમ લખાઈ જેનું નામ "ના માફી, ના રાજીનામું" છે. આ કોલમમાં સાત પ્રશ્નો ઉઠાવ્યા છે. હું આશા રાખુ છુ કે હાઈકોર્ટ મુદ્દા ઉઠાવે. પી. ચિદમ્બરમે કહ્યુ કે ગુજરાતમાં સરેરાશ વેતન દર દેશમાં સૌથી નીચો છે. મારી ગુજરાતની જનતાને અપીલ છે કે 'સરકાર બદલવા માટે મત આપો. અહીં અશિક્ષિત યુવાનો અને ઓછું ભણેલા યુવાનો બેરોજગાર છે. સીએમઆઈઈના ડેટા અનુસાર ગુજરાતમાં ૨૦-૨૪ વર્ષની વયના યુવાનોમાં બેરોજગારીનો દર ૧૨.૪૯ ટકા છે. અત્યંત ઉચ્ચ. ઉદાહરણ તરીકે રાજ્ય સરકારને તલાટીની ૩૪૦૦ જગ્યાઓ માટે ૧૭ લાખ અરજીઓ મળી હતી. ૨૦૦૩થી ૯ વાઈબ્રન્ટ ગુજરાત સંમેલનો દ્વારા વહેતા ઊંચા રોકાણનો દાવો અતિશયોક્તિ છે. ૨૦૧૧ સુધીમાં પ્રથમ પાંચ પરિષદો માટે માત્ર ડેટા જ બહાર પાડવામાં આવ્યો છે. ડેટા સાચુ ચિત્ર બતાવે છે. ૨૦૨૦-૨૧માં રાજ્યનું કુલ દેવું રૂ ૨,૯૮,૮૧૦ કરોડ અથવા ૧૮.૦૪ ટકા હતું. જીએસડીપી. આરબીઆઈ અનુસાર, ૨૦૨૨માં રાજ્યની કુલ બાકી જવાબદારી રૂ. ૪.૦૨,૭૮૫ કરોડ છે.

# વડોદરા શહેરનો યુવાન સાઉથ આફ્રિકામાં ત્રણ મહિનાથી ફસાયો

## સાંસદ રંજનબેન ભટ્ટને આ મામલે રજૂઆત કરતાં સાંસદે વિદેશ મંત્રાલયને પત્ર લખીને યુવાનને પરત લાવવા માંગ કરી

વડોદરા, તા.૮

શહેરનો યુવાન એન્જિનિયાર છેલ્લા ૯૦ દિવસથી દક્ષિણ આફ્રિકામાં ફસાયેલો છે. તેને મુક્ત કરવા માટે સાંસદ રંજનબેન ભટ્ટે વિદેશ મંત્રાલયને જાણ કરી છે. આ સાથે યુવાનની પત્નીએ પણ સરકારને પત્ર લખીને ઝડપી એક્શન લેવા માટે વિનંતી કરી છે. શહેરનાં અલકાપુરી વિસ્તારની સુવર્ણપુરી સોસાયટીમાં રહેતા હર્ષવધન શૌચ સાઉથ આફ્રિકાનાં ઈક્વિટેરિયલ ગિની ખાતે ગયા હતા. નોંધનીય છે કે, પશ્ચિમ આફ્રિકાના ઈક્વિટેરિયલ જીનીયા નામના દેશમાં છેલ્લા ત્રણ મહિનાથી ફસાયેલા એક શીપના ક્રૂ મેમ્બર્સ સહિત ૨૬ વ્યક્તિઓમાં ૧૬ ભારતીય છે. આ ૧૬માંથી એક વડોદરાની વ્યક્તિ છે. ઈક્વિટેરિયલ જીનીયામાં ફસાયેલા આ તમામની હવે પાડોશી દેશ નાઈઝરિયાની નેવીએ ડિમાન્ડ કરતાં ફસાયેલાઓના પરિવારજનો ચિંતિત બન્યા છે. નાઈઝરિયા નેવીને સોંપવામાં આવે તે પહેલા ભારતીયોને ઈક્વિટેરિયલ જીનીયાથી જ રેસ્ક્યુ કરવામાં આવે તેવી ભારત સરકારને તેમના પરિવારજનો વિનંતી કરી રહ્યા છે. વડોદરાના પરિવાર દ્વારા સાંસદ રંજનબેન ભટ્ટને આ મામલે રજૂઆત કરતાં સાંસદે વિદેશ મંત્રાલયને પત્ર લખીને યુવાનને પરત લાવવા માંગ કરી હતી. આ કંપની દ્વારા ઈક્વિટેરિયલ ગિનીએ દંડ પણ ભરી દીધો છે. માહિતી મળી રહી છે કે, આ ફસાયેલા લોકોમાંથી અનેક બીમાર પડી ગયા છે અને તેમને હોસ્પિટલમાં પણ ખસેડવામાં આવ્યા છે. સાંસદ રંજનબેન ભટ્ટે જણાવ્યુ હતુ કે, વડોદરાના હર્ષવર્ધન શૌચે ઈક્વિટેરિયલ જીનીયમાં છેલ્લા ત્રણ મહિનાથી ફસાયેલા છે. તેમની સાથે કુલ ૧૬ ભારતીય, આઠ જેટલા શ્રીલંકન મળી કુલ ૨૬ વ્યક્તિઓ સાથે શીપને ઈક્વિટેરિયલ જીનીયા ખાતે અટકાવાવમાં આવી છે. આ લોકોને મુક્ત કરાવવા માટે શીપની કંપની દ્વારા પ્રયત્ન કરવામાં આવી રહ્યો છે. ભારતીય વિદેશ મંત્રાલય દ્વારા પણ આ મામલાને ઉકેલવાનો પ્રયાસ થઈ રહ્યો છે.

### દર યથાવત

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

એકાદ વર્ષથી વધુ સમય લાગી શકે છે તંત્ર દ્વારા નર્મદા કેનાલ આધારિત પાણી ગુજરાત સ્ટેટ વોટર ઈન્ફ્રાસ્ટ્રક્ચર બોર્ડ પાસેથી ખરીદવા તેમજ ચરેડી, સરિતા અને સેક્ટર ૫ના વોટર વર્કસ સુધી પહોંચાડવા અને ત્યાંથી દરેક ઘરે પહોંચાડવા અંદાજિત રુ ૨૪ કરોડથી વધુ ખર્ચ કરવામાં આવે છે જયારે સામે પાણી વેરાની વસુલાત ના નામે પણ માંડ ૨.૫ કરોડ સુધી માંડ આકડો પોહચે છે . શહેરમાં સ્થિત સરકારી આવાસો ના રહીશો પાસેથી નજીવો વેરો વસુલવામાં આવે છે અલબત્ત પાણી ગટર પાછળ વર્ષે કરોડો રૂપિયા નો ખર્ચ કરવામાં આવે છે પરંતુ આવકના નામે મીંડું છે ત્યારે વેરો વધારવા માટે પણ કોઈ આયોજન કરાયું નથી.

### સજનબા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તેમણે જણાવ્યુ હતુ કે પહેલાં પણ આપતી હતી અને આ વખતે પણ જવાની છુ. મને મારો લાલો કહે તેને જ મત આપુ છુ.

સજનબાએ કહ્યુ હતુ કે અહિ કૈલાસધામમાં મારો લાલાના લાલનપાલનમાં મારો સમય સારો વ્યતીત થઈ રહ્યો છે. મને અહિ બહુ મઝા આવે છે. લાલાના કપડા બદલવાના અને લાલાને વાઘા પહેરાવવાના તેમજ ભજન કીર્તન કરવાનુ જમવાનું સમયસર મળી જાય અને વહેલા સુઈ પણ જવાનુ. તેમણે એક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ હતુ કે તેમની ૩ મહિનાની ઉમંર થતાં મા જતી રહી હતી. માણેકપુર મારૂ પિયર થાય આ પછી મારા લગ્ન થયા લાકરોડા. છેલ્લા ૨૫ વર્ષથી આ કૈલાસધામમાં રહુ છુ.

કૈલાસધામમાં બીજા શતાયુ મતદાર દેવુબા છે. જેમની આયુ ૧૦૦ છે. દેલવાડના વતની છે. જો કે કાને ઓછુ સાંભળતા હોવાથી તેમની સાથે વાત બહુ થઈ શકી ન હતી. જો કે મત આપવા જવાના એટલુ ચોક્કસ એવુ કહ્યુ હતુ.

કૈલાસધામમાં હાલ ૯૨ થી વધુ વૃદ્ધો વસવાટ કરી રહ્યા છે. આ કૈલાસધામનું સંચાલન વિજય બાપુ અને તેમના પરિવારના સભ્યો કરી રહ્યા છે. ગાંધીનગર નજીક આવેલ કૈલાસધામમાં એક શતાયુ પુરૂષ મતદાર હતા પણ તેઓ તેમના પરિવાર સાથે રહેવા ગયા હોવાથી વાત થઈ શકી નથી. ગાંધીનગર જિલ્લામાં ૩૯૩ મતદારો શતાયુ ધરાવે છે. ગાંધીનગર (ઉ)માં શતાયુ મતદારોની સંખ્યા ૭૨ છે.

### અનામત

● અનુસંધાન પહેલાનું ચાલુ

પહેલી પ્રાથમિકતા એવા બાળકોને અપાશે જેમના માતા-પિતા બંને આતંકી હુમલામાં મૃત્યુ પામ્યા હોય.બીજી પ્રાથમિકતાઃ એવા બાળકો જેમના પરિવારમાં કમાનાર એકમાત્ર વ્યક્તિ આતંકી હુમલામાં મૃત્યુ પામી હોય.એવા બાળકો જેમના માતા-પિતા કોઈ આતંકી હુમલામાં હંમેશા માટે દિવ્યાંગ થઈ ગયા હોય કે ગંભીરરીતે ઈજાગ્રસ્ત થઈ ગયા હોય. આ અનામત હેઠળ એવા ઉમેદવાર આવશે જે જમ્મુ કાશ્મીરના સ્થાયી નિવાસી છે કે પછી કેન્દ્રીય/રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશના સરકારી કર્મચારી જેમનુ પોસ્ટિંગ જમ્મુ-કાશ્મીરમાં રહ્યુ હોય. જમ્મુ-કાશ્મીરમાં પ્રતિનિધિયુક્ત પર કામ કરી રહેલા કેન્દ્રીય, રાજ્ય કે યુટી કર્મચારીઓના બાળકો પણ આ અનામત હેઠળ આવશે. આ માટે ૧૧ નવેમ્બર ૨૦૨૨ અંતિમ તારીખ છે. આ નિર્ણયને ધ્યાનમાં રાખતા જમ્મુ કાશ્મીર પ્રોફેશનલ એન્ટ્રેંસ એગ્ઝામિનેશન બોર્ડ એટલે કે બીઓપીઈઈએ અરજી માગી છે. ઉપર જણાવેલી યોગ્યતા પૂરી કરનારા વિદ્યાર્થીઓ જમ્મુ કાશ્મીરમાં મેડીકલ એડમિશન માટે સેન્ટ્રલ પુલ હેઠળ અપ્લાય કરી શકે છે.

### વિશ્વની વસતી

● અનુસંધાન પહેલાનું ચાલુ

અલગ હોઈ શકે છે, પરંતુ ભૂતકાળની જેમ નહીં જ્યારે દેશોની સરેરાશ ઉંમર મોટાભાગે નાની હતી. મિસ સ્નો આગળ કહે છે કે ભવિષ્યમાં તે કદાચ વધવાની શક્યતા હોઈ શકે છે. કેટલાક નિષ્ણાતો માને છે કે આ પ્રાદેશિક વસ્તી વિષયક તફાવતો આગળ જતા ભૌગોલિક રાજનીતિમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે. તે જ સમયે, ચીનની ૧.૪ અબજ વસ્તી ધીમે ધીમે ઘટવા લાગશે અને ૨૦૫૦ સુધીમાં તે ૧.૩ અબજ સુધી પહોંચી જશે. આ સદી સુધીમાં વસ્તી માત્ર ૮૦ કરોડ સુધી રહી શકે છે. બીજી તરફ, જો ભારતની વાત કરીએ તો ૨૦૨૩ સુધીમાં તે ચીન કરતા વધુ વસ્તી ધરાવતો દેશ બની શકે છે. તેમજ ૨૦૫૦ સુધીમાં તે ૧.૭ અબજને પાર કરી શકે છે. ૨૦૫૦માં અમેરિકા ત્રીજા નંબરનો સૌથી વધુ વસ્તી ધરાવતો દેશ રહેશે.

### ઈજા બાદ

● અનુસંધાન પહેલાનું ચાલુ

એક સેકંડનો વિલંબ થયો અને બોલ તેના જમણા હાથ પર વાગ્યો હતો. જે બાદ તેણે રમવાનું બંધ કર્યું હતું અને જમણા હાથમાં આઈસ પેક બાંધેલું જોઈ શકાય છે. જોકે, રોહિત મેદાનમાં જ બેસીને બાકીના પ્લેયર્સને રમતા જોઈ રહ્યો હતો. મેન્ટલ કંડિશનિંગ કોચ પૈડી અપ્ટને ખાસ્સીવાર સુધી બેસીને રોહિત સાથે વાત કરી હતી. માનવામાં આવી રહ્યું છે કે, રોહિતની ઈજા ગંભીર નથી અને ૧૦ નવેમ્બરે યોજાનારી સેમિફાઈનલમાં તે રમી શકશે. જો તેની ઈજા ગંભીર હોત તો ટીમ ઈન્ડિયા માટે ચિંતાનો વિષય બની શકત. જોકે, ટૂંકા વિરામ પછી રોહિત શર્માએ ફરીથી બેટિંગ પ્રેક્ટિસ શરૂ કરી હતી. ઈંગ્લેન્ડના એડિલેડથી રોહિત શર્માનો પ્રેક્ટિસ કરતી તસવીરો સામે આવી છે. રોહિત શર્માને ફરીથી પિચ પર જોઈને ક્રિકેટ ફેન્સે પણ રાહતનો શ્વાસ લીધો હતો. ભારતીય ટીમ ફાઈનલ માટે ફેવરિટ માનવામાં આવી રહી છે. ફાઈનલ મેચ ભારત અને પાકિસ્તાન વચ્ચે રમાય તેવું ક્રિકેટ રસિકો ઈચ્છી રહ્યા છે.